| | |
|---|---|
| આંક | ૧૬ |
| દાખલ થયા તા. | ૦૬/૦૫/૨૦૨૨ |
| રજુ કર્યા તા. | ૦૬/૦૫/૨૦૨૨ |
| ફેંસલ કર્યા તા. | ૩૦/૦૭/૨૦૨૪ |
| સમય મર્યાદા | ૦૨ વર્ષ, ૦૨ માસ, ૨૪ દિવસ |

**૩૦ મા એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. :–૪૫૫૩૦/૨૦૨૨**

**ફરિયાદી:–**

શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી:–**

**૧.** પરેશભાઈ રમણભાઈ પટેલ, ઉ.વ.૪૯,

**૨.** રમણભાઈ સોમાભાઈ પટેલ(એબેટ),

**૩.** સંજયભાઈ રમણભાઈ પટેલ, ઉ.વ.૩૯,

**૪.** બીનાબેન પરેશભાઈ પટેલ, ઉ.વ.૪૮,
તમામ રહે. મ. નં. એ–૨૪, મંગલતીર્થ સોસાયટી,
ગોકુલધામ સોસાયટીની સામે, કઠવાડા રોડ, નરોડા, અમદાવાદ.

**ગુન્હો:–ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ મુજબ.**

**સરકાર તરફે : વિ.એ.પી.પી. શ્રી એમ.એ. મેકવાન**

**આરોપી તરફે : વિ. વ. શ્રી એમ. જી. ચૌહાણ**

**–//જજમેન્ટ//–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૪.૦૧.૨૦૨૨ ના રોજ કલાક ૧૯:૩૦ વાગ્યાના સુમારે મોજે મ. નં.૦૯ યોગીરાજ

ટેનામેંટ શિલ્પ ગ્રામની બાજુમાં હરીક્રિષ્ણા બેકરી સામે કઠવાડા રોડ નવા નરોડા અમદાવાદ શહેર ખાતે આ કામના ફરીયાદીએ પોતાની ફોરવિલ કાર જીજે.૦૧ .આર.બી.૬૨૪૨ ની પાર્ક જેના પર કોઈક પાન મસાલા ખાઈ થુકતુ હોય જેથી આરોપી નં.૧ ને જણાવેલ કે મારી ગાડી પર કોણ થુકે છે તો આ કામના આરોપી નં.૧ આ કામના ફરીયાદી સાથે બોલાચાલી ઝઘડો કરવા લાગેલ તેમજ બિભત્સ ગાળો બોલી કહેવા લાગેલ કે મારા ઘરની આગળ કેમ ગાડી ઉભી રાખે છે તેમ કહી જો હવે ગાડી અહીં ઉભી રાખશો તો જાનથી મારી નાખીશ જેમ કહી ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગળદા પાટુનો માર મારી તેમજ ફરીયાદીની ગાડીને ઈંટ મારી ગાડીનો કાચ તોડી રૂા.૧૦૦૦/– નું નુકસાન કરી તેમજ ફરીયાદીના પુત્ર સાહેદ તેજશ નાઓ ફરીયાદીને વધુ મારમાંથી છોડાવવા વચ્ચે પડતા આરોપી નં.૧ નાએ સાહેદ તેજશને કપાળના ભાગે ઈંટ મારી ગંભીર ઈજા પહોંચાડી તેમજ ફરીયાદીના જમાઈ સાહેદ નં.૨ કાર્તિકકુમાર નાઓ ફરીયાદી તેમજ સાહેદ નં.૧ ને વધુ મારમાંથી બચાવવા વચ્ચે પડતાં આરોપી નં.૨, ૩, ૪ નાઓએ સાહેદ નં.૨ નાઓ સાથે ઝપાઝપી કરી ધકકો મારી નીચે પાડી દઈ ગુનો કરેલ તે મતલબની ફરિયાદ ફરિયાદીએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન માં ફ. ગુ. રજી. નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૦૮૨/૨૦૨૨ થી નોંધાવતા આગળની તપાસના અંતે ત. ક. અધિકારીએ આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ મુજબના આક્ષેપિત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને સમન્સ બજતાં આરોપીઓ હાજર થતાં આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલ પુરી પાડી આરોપીઓ સામેના આક્ષેપિત ગુન્હાનું તહોમત આંક–૦૪ થી ફરમાવી આરોપીઓની પ્લી આંક–૦૫ થી આંક–૦૭ અન્વયેથી નોંધતાં આરોપીઓએ ગુન્હો કબુલ નહીં હોવાનું જણાવતાં સદર કેસ પુરાવા પર મુલત્વામાં આવેલ.

(૩) ફરિયાદપક્ષે ફરિયાદ હકીકત પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો:-**

| અનુ. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૦૯ | ફરીયાદી જોયતારામ ભુદરભાઈ પટેલની સોગંદ પરની જુબાની |
| ૨ | ૧૧ | સાહેદ તેજશભાઈ જોઈતારામ પટેલની સોગંદ પરની જુબાની |
| ૩. | ૧૨ | સાહેદ કાર્તીકભાઈ રાજેન્દ્રકુમાર પટેલની સોગંદ પરની જુબાની |

**દસ્તાવેજી પુરાવો:-**

| અનુ. | આંક | દસ્તાવેજનું નામ |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરિયાદની નકલ |
| ૨ | ૧૩ | ગુન્હાવાળી જગ્યાના પંચનામાની નકલ |
| ૩ | ૧૪ | સાહેદ તેજશના મેડીકલ સર્ટીફીકેટની નકલ |

(૩.૧) ઉપરોકત રજુ થયેલ પુરાવો ધ્યાને લઈ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ તેમના સામેના આક્ષેપોનો ઈનકારી પોતે બચાવમાં કોઈ સાક્ષી તપાસવા નહીં ઈચ્છતાં હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી, પુનરાવર્તનનો દોષ ટાળવા તેની ચર્ચા યોગ્ય મુદ્દાના કારણોમાં કરવામાં આવે છે.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય સારૂ નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:મુદ્દાઓ:-**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૪.૦૧.૨૦૨૨ ના રોજ કલાક ૧૯:૩૦ વાગ્યાના સુમારે મોજે મ. નં.૦૯ યોગીરાજ ટેનામેંટ શિલ્પ ગ્રામની બાજુમાં હરીક્રિષ્ણા બેકરી સામે કઠવાડા રોડ નવા નરોડા અમદાવાદ શહેર ખાતે આ કામના ફરીયાદીએ પોતાની ફોરવિલ |

| | |
|---|---|
| | કાર જીજે.૦૧.આર.બી.૬૨૪૨ ની પાર્ક જેના પર કોઈક પાન મસાલા ખાઈ થુકતુ હોય જેથી આરોપી નં.૧ ને જણાવેલ કે મારી ગાડી પર કોણ થુકે છે તો આ કામના આરોપી નં.૧ આ કામના ફરીયાદી સાથે બોલાચાલી ઝઘડો કરવા લાગેલ તેમજ બિભત્સ ગાળો બોલી કહેવા લાગેલ કે મારા ઘરની આગળ કેમ ગાડી ઉભી રાખે છે તેમ કહી જો હવે ગાડી અહીં ઉભી રાખશો તો જાનથી મારી નાખીશ જેમ કહી ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ગળદા પાટુનો માર મારી તેમજ ફરીયાદીની ગાડીને ઈંટ મારી ગાડીનો કાચ તોડી રૂા.૧૦૦૦/- નું નુકસાન કરી તેમજ ફરીયાદીના પુત્ર સાહેદ તેજશ નાઓ ફરીયાદીને વધુ મારમાંથી છોડાવવા વચ્ચે પડતા આરોપી નં.૧ નાએ સાહેદ તેજશને કપાળના ભાગે ઈંટ મારી ગંભીર ઈજા પહોંચાડી તેમજ ફરીયાદીના જમાઈ સાહેદ નં.ર કાર્તિકકુમાર નાઓ ફરીયાદી તેમજ સાહેદ નં.૧ ને વધુ મારમાંથી બચાવવા વચ્ચે પડતાં આરોપી નં.ર, ૩, ૪ નાઓએ સાહેદ નં.ર નાઓ સાથે ઝપાઝપી કરી ધકકો મારી નીચે પાડી દઈ ગુનો કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) છેવટના હુકમ મુજબ.

## - :: કા ર ણો :: -

(૭) આ કામે ફરીયાદી જોઈતારામ ભુદરભાઈ પટેલ ને આંક-૦૯ થી તપાસતાં તેઓ એવી હકીકત જણાવે છે કે, સને-૨૦૨૨માં તેઓ યોગીરાજ ટેના. નવા નરોડા રહેતા હતા તે સમયે આરોપી બાજુની સોસાયટીમાં રહેતા હોય ઓળખે છે. બનાવ તા.૧૪.૦૧.૨૦૨૨ ના રોજ ઉત્તરાયણનો તહેવાર હતો અને તેઓની ગાડી આરોપીઓના ઘરની બહાર પડેલ હતી જેની ઉપર કોઈએ પાન મસાલા ખાઈ થુંકેલ હતા જેથી આરોપીઓને પુછેલ કે, આ કોણે પાન મસાલા ખાઈ થુકેલ છે તેમ કહી ઝઘડો તકરાર કરેલ. બનાવ સમયે દિકરો તેજશ અને જમાઈ કાર્તિકકુમાર પણ આવી ગયેલ જેથી મનદુ:ખ થતાં ફરીયાદ દાખલ કરેલ હતી

જે ફરીયાદ બતાવતાં તેમાં પોતાની સહી છે જે આંક–૧૦ થી રજુ થયેલ છે તેમજ બનાવ વખતે લોકોનું ટોળુ ભેગુ થઈ ગયેલ હતું અને દિકરા તેજશને સામાન્ય ઈજા થયેલ હતી જેની શિવ જનરલ હોસ્પિટલ સૈજપુર બોઘામાં સારવાર લીધેલ હતી તેવું જણાવેલ છે.

ફરીયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય વિ. એ.પી. પી. શ્રી એ તેમને ફરીગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં કોઈ નોંધનીય હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરતાં જણાવેલ છે કે, તેઓને સામાન્ય બોલાચાલી થયેલ બીજું કંઈ બનેલ નથી તેમજ બનાવ વખતે તેઓનો દિકરો પડી ગયેલ હોઈ દિકરાને સામાન્ય ઈજા થયેલ અને તેની શિવ જનરલ હોસ્પિટલમાં સારવાર કરાવેલ તેમજ આરોપીના હાથમાં કોઈ હથીયાર જોયેલ નથી તેમજ આરોપીઓએ ગંદી ગાળો બોલી હોય કે માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી તેવું જણાવેલ છે.

સાહેદ તેજશભાઈ જોઈતારામ પટેલ ને આંક–૧૧ થી તપાસતાં તેઓ એવી હકીકત જણાવે છે કે, ફરીયાદી પિતા થાય છે તેમજ સને–૨૦૨૨માં પિતા યોગીરાજ ટેના. નવા નરોડા રહેતા હતા તે સમયે આરોપી બાજુની સોસાયટીમાં રહેતા હોય ઓળખે છે. બનાવ તા.૧૪.૦૧.૨૦૨૨ ના રોજ ઉત્તરાયણનો તહેવાર હતો અને તેઓની ગાડી આરોપીઓના ઘરની બહાર પડેલ હતી જેની ઉપર કોઈએ પાન મસાલા ખાઈ થુંકેલ હતા જેથી આરોપીઓને પુછેલ કે, આ કોણે પાન મસાલા ખાઈ થુકેલ છે તેમ કહી ઝઘડો તકરાર કરેલ. બનાવ સમયે જમાઈ કાર્તિકકુમાર પણ આવી ગયેલ જેથી પિતાએ ફરીયાદ દાખલ કરેલ હતી અને પોલીસે નિવેદન લીધેલ. બનાવ વખતે લોકોનું ટોળુ ભેગુ થઈ ગયેલ હતું અને તેઓને સામાન્ય ઈજા થયેલ હતી જેની શિવ જનરલ હોસ્પિટલ સૈજપુર બોઘામાં સારવાર લીધેલ હતી તેવું જણાવેલ છે.

સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય વિ. એ.પી. પી. શ્રી એ તેમને ફરીગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં કોઈ નોંધનીય હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે સાહેદ ની ઉલટતપાસ કરતાં જણાવેલ છે કે, તેઓને સામાન્ય બોલાચાલી થયેલ બીજું કંઈ બનેલ નથી તેમજ બનાવ વખતે તેઓ પડી ગયેલ હોઈ સામાન્ય ઈજા થયેલ અને તેની શિવ જનરલ હોસ્પિટલમાં સારવાર કરાવેલ તેમજ આરોપીના હાથમાં કોઈ હથીયાર જોયેલ નથી તેમજ આરોપીઓએ ગંદી ગાળો બોલી હોય કે માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી તેવું જણાવેલ છે.

સાહેદ કાર્તિક રાજેન્દ્રકુમાર પટેલ ને આંક–૧૨ થી તપાસતાં તેઓ એવી હકીકત જણાવે છે કે, ફરીયાદી સસરા થાય છે તેમજ સને–૨૦૨૨માં સસરા યોગીરાજ ટેના. નવા નરોડા રહેતા હતા તે સમયે આરોપી બાજુની સોસાયટીમાં રહેતા હોય ઓળખે છે. બનાવ તા.૧૪.૦૧.૨૦૨૨ ના રોજ ઉત્તરાયણનો તહેવાર હતો અને તેઓની ગાડી આરોપીઓના ઘરની બહાર પડેલ હતી જેની ઉપર કોઈએ પાન મસાલા ખાઈ થુંકેલ હતા જેથી આરોપીઓને પુછેલ કે, આ કોણે પાન મસાલા ખાઈ થુકેલ છે તેમ કહી ઝઘડો તકરાર કરેલ. બનાવ સમયે તેઓ તથા સાળા તેજશભાઈ પણ આવી ગયેલ જેથી સસરાએ ફરીયાદ દાખલ કરેલ હતી અને પોલીસે નિવેદન લીધેલ. બનાવ વખતે લોકોનું ટોળુ ભેગુ થઈ ગયેલ હતું અને સાળાને સામાન્ય ઈજા થયેલ હતી જેની શિવ જનરલ હોસ્પિટલ સૈજપુર બોઘામાં સારવાર લીધેલ હતી તેવું જણાવેલ છે.

સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય વિ. એ.પી. પી. શ્રી એ  તેમને ફરીગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં કોઈ નોંધનીય હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે સાહેદ ની ઉલટતપાસ કરતાં જણાવેલ છે કે, તેઓને સામાન્ય બોલાચાલી થયેલ બીજું કંઈ બનેલ નથી તેમજ બનાવ વખતે સાળો પડી ગયેલ હોઈ તેને સામાન્ય ઈજા થયેલ અને તેની શિવ જનરલ હોસ્પિટલમાં સારવાર કરાવેલ તેમજ આરોપીના હાથમાં કોઈ હથીયાર જોયેલ નથી તેમજ આરોપીઓએ ગંદી ગાળો બોલી હોય કે માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી તેવું જણાવેલ છે.

આમ, પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ગાડી પાર્ક કરવા બાબતે ગંદી

ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી અને ગાડીને કાચ તોડી નાખી નુકસાન કરેલાની વિગતને ફરીયાદી કે અન્ય સાહેદો કોઈ સમર્થન આપતા નથી.

(૮) બંનેપક્ષની દલીલો સાથે પડેલા પુરાવાઓની હકીકત જોતાં, આરોપીઓ સામે હાલનો ફોજદારી કેસ છે તે ફોજદારી કાર્ડિનલ સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે અને ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપો સાબિત કરવા માંગતાં હોય તે આક્ષેપ ફરિયાદપક્ષે સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવા પડે.

આ કામે આરોપીઓ સામે જે ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે જેનું અર્થઘટન નીચે મુજબ છે.

(૮.૧) આ કામે ઈ.પી.કો કલમ– ૩૨૪ મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો આરોપીએ ખરેખર ઈજા પામનારે શારીરિક પીડા, રોગ કે અશકતતા પહોચાડી હતી અને આવી ઈજા પહોચાડવા કે એમ જાણી જોઈએ કયું કે તેનાથી ઈજા પહોચાશે અને આવી ઈજા પહોચાડવા કે એમ જાણી જોઈએ કર્યું કે તેનાથી ઈજા પહોચશે અને આવી ઈજા નીશાનબાજીના ,છેદવાના,ભોકવાના કે કાપવાના સાધનથી કે મોત નિપજવવા વપરાતા હથિયાર કે ગરમ પદાર્થ કે ઝેર કે જલદ પદાર્થ, અથવા તો માનવ શ્વાસમાં લેવા, ગળવા કે લોહીમાં ભળવાથી હાની થાય તેવા પદાર્થથી કે કોઈ જાનવરના ઉપયોગથી કરવામાં આવેલી હોય તે સંજોગોમાં લાગુ પડે આવા કોઈ સંજોગો હાલના કેસમાં પુરાવા મુજબ જોવા મળતા નથી.

(૮.૨) આ કામે ઈ. પી. કો. કલમ–૩૨૩ મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો આરોપીએ ખરેખર ઈજા પામનારને શારીરીક પીડા, રોગ કે અશકતતા પહોંચાડી હતી અને આવી ઈજા પહોંચાડવા કે એમ જાણી જોઈએ કર્યું કે તેનાથી ઈજા

પહોંચશે. આમ, આ કેસમાં જોવામાં આવે તો આ કામના આરોપીએ કોઈ જાણી જોઈને ઈજા કરી હોય તેવું જોવા મળતું નથી. ફરીયાદી પોતે જણાવે છે કે સામાન્ય બોલાચાલી થયેલી. કોઈએ કઈ મારેલ હોય તેવું બનેલ નથી.

(૮.૩) આ કામે આરોપી સામે ઈ. પી. કો. કલમ–૨૯૪(ખ) મુજબનો આરોપ છે જેમાં વ્યાખ્યા જોતાં કોઈ જાહેર સ્થળે કે તેની નજીકમાં કોઈ અશ્લીલ ગીત ગાય, અશ્લીલ કાવ્યો સંભળાવે કે અશ્લીલ શબ્દો ઉચ્ચારે તેને ત્રણ મહીનાની મુદૃતની કોઈ પ્રકારની કેદની અથવા દંડની કે બન્ને પ્રકારની સજા કરવામાં આવશે આ ગુનો બીન સમાધાન લાયક છે. આ કામે ફરીયાદી તેમજ ઈજા પામનાર વ્યકિતઓની જુબાની જોતાં આરોપી ધ્વારા જાહેર સ્થળ ઉપર કોઈક અશ્લીલ શબ્દોનું ઉચ્ચારણ કરવામાં આવેલ હોય તેવી વિગતને સમર્થન મળતું નથી.

(૮.૪) આ કામે ઈ.પી.કો કલમ– ૫૦૬(૨) મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો આરોપીએ કોઈકને ઈજા કરવાના ઈરાદાથી ધમકી આપેલી અથવા તો તેની આબરૂ કે મિલકતને નુકસાન થાય તે માટે ધમકી આપેલી અથવા તો આવી વ્યકિત જે વ્યકિત માં રસ ધરાવતી હોય તેવી વ્યકિત ને ઈજા કરવા અથવા તેની આબરૂ કે મિલકતને નુકસાન કરવા માટે ધમકી આપી હતી. આરોપીએ ગુનાનો ભોગ બનનાર અને ચેતવણી આપવાના ઈરાદાથી આવું કરેલું. આરોપીએ આવું કાર્ય ભોગ બનનાર ને થાય તે માટે કરેલું હતું કે જે માટે તે કાયદેસર બંધાયેલા હતા નહી.

(૮.૫) આ કામે ઈ.પી.કો કલમ ૪૨૭ મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો વ્યકિત એ બગાડ કરીને પચાસ રૂપીયા કે તેથી વધારે રકમનું નુકસાન કે હાની કરેલી હોય અને આવું નુકસાન ગેરકાયદે હતું. હાલના કેસમાં ફરીયાદી અને સાહેદોએ આપેલ જુબાની જોતા એવી કોઈ હકીકત જોવા મળતી નથી કે આરોપીઓએ આવું નુકસાન કરેલ હોય.

(૮.૬) આ કામે ઈ. પી. કો. કલમ–૧૧૪ મુજબના આવશ્યક તત્વો જોવામાં આવે તો પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરીણામે થયેલા કાર્ય માટે

દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવું કાર્ય પોતાની હાજરીમાં તો તેણે પોતે તે કાર્ય કે ગુનો કર્યો છે એમ ગણાય. આમ, આ કેસમાં એવી કોઈ હકીકત જોવા મળતી નથી.

આમ, સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આરોપીઓ સામે જે ફરીયાદ કરવામાં આવેલી છે તે ફરીયાદને સમર્થનરૂપ પુરાવો ફરીયાદપક્ષ ધ્વારા રજુ થયેલ નથી તેવા સંજોગોમાં ફરીયાદપક્ષનો કેસ પુરવાર થતો ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ ::–**

(૧) આ કામે આરોપી નં.(૧) પરેશભાઈ રમણભાઈ પટેલ, (૩) સંજયભાઈ રમણભાઈ પટેલ, (૪) બીનાબેન પરેશભાઈ પટેલ નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–ર૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩ર૪, ૩ર૩, ર૯૪(ખ), ૫૦૬(ર), ૪ર૭, ૧૧૪ મુજબના ગુન્હામાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આરોપી નં.ર મરણ ગયેલ હોય જેથી એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ છ માસ માટે રૂા.૫૦૦૦/–પુરાના એકવીટલ જામીન તથા જાતમુચરકો ઉપલી અદાલતમાં જો અપીલ થાય તો તેમાં હાજર રહેવા સંબંધે આપવાના રહેશે.

હુકમ આજરોજ તા.૩૦ મી માહે જુલાઈ સને ર૦ર૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૩૦/૦૭/ર૦ર૪**
**અમદાવાદ.**

**(શ્રી બી. પી. મહીડા)**
**કોડ નં.–૦૧૧રર**
**૩૦ મા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ (શહેર).**